# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૧ તા. ૦૧.૦૪.૨૦૧૯

-----------

**મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી આજરોજ કચ્છ લોકસભા બેઠક પર ભાજપાના ઉમેદવારશ્રી વિનોદભાઈ ચાવડાના નામાંકન માટે ભુજ ખાતે યોજાયેલ ભવ્ય રેલીમાં ઉપસ્થિત રહ્યા હતા**

-----------

આવનારી લોકસભાની ચૂંટણી રાષ્ટ્રવાદ વિરૂધ્ધ આતંકવાદ, ઈમાનદાર વિરુદ્ધ બેઈમાન તેમજ કામદાર વિરૂધ્ધ નામદારની ચૂંટણી છે. એક તરફ ચોકીદાર છે જ્યારે, બીજી તરફ ચોરોની જમાત છે - શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

લોકોમાં આશા-અપેક્ષાના સપના જાગ્યા છે અને જનજનમાંથી એકજ અવાજ આવી રહ્યો છે 'મોદી હૈ તો મુમકીન હૈ' – શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીના ગુરુ સામ પિત્રોડાએ પાકિસ્તાનને ક્લીનચીટ આપી છે અને વિરોધ પક્ષો બાલાકોટમાં જે એરસ્ટ્રાઇક થઇ તેના માટે પુરાવાઓ માંગી દેશની સેનાનું સતત અપમાન કરી પાકિસ્તાની મીડિયામાં હિરો બનવા કોશીશ કરી રહ્યા છે – શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

કિસાનોને સહી દામ અને યુવાનોને કામ આપવાની દિશામાં ભાજપા આગળ વધી રહી છે, ત્યારે કોંગ્રેસ તેઓને ગેરમાર્ગે દોરી વોટબેંકની રાજનીતિ ખેલી રહી છે – શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

આઝાદી બાદ ૫૫ વર્ષ સુધી પરિવારવાદની રાજનીતિ કરીને રાજાશાહી જીવનશૈલી જીવનાર કોંગ્રેસને આજે મત માટે ગરીબો યાદ આવ્યા છે. – શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ 'આયુષ્યમાન યોજના' અંતર્ગત ગરીબો માટે ૫ લાખ સુધીની મફત ચિકિત્સા સારવાર ઉપલબ્ધ કરાવી ગરીબોની ચિંતા કરી છે – શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી આજરોજ કચ્છ લોકસભા બેઠક પર ભાજપાના ઉમેદવારશ્રી વિનોદભાઈ ચાવડાના નામાંકન માટે ભુજ ખાતે યોજાયેલ ભવ્ય રેલીમાં ઉપસ્થિત રહ્યા હતા. કચ્છ લોકસભાના ઉમેદવાર શ્રી વિનોદભાઈ ચાવડાના ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા પૂર્વે આ ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રોડ-શોમાં ભાજપા જીલ્લા અધ્યક્ષ શ્રી કેશુભાઇ, ધારાસભ્ય શ્રીમતિ નીમાબેન આચાર્ય, શ્રી વિરેન્દ્રસિંહજી તથા શ્રીમતી માલતીબેન ઉપસ્થિત રહ્યા હતા તેમજ સ્થાનિક જનતા અને ભાજપના કાર્યકરો સમર્થકો, વિવિધ સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ વિશાળ સભાને સંબોધતા જણાવ્યુ હતુ કે, આવનારી લોકસભાની ચૂંટણી રાષ્ટ્રવાદ વિરૂધ્ધ આતંકવાદ, ઈમાનદાર વિરુદ્ધ બેઈમાન તેમજ કામદાર વિરૂધ્ધ નામદારની ચૂંટણી છે.

..૨..

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




એક તરફ ચોકીદાર છે જ્યારે, બીજી તરફ ચોરોની જમાત છે. પરંતુ દેશની જનતા પ્રધાનસેવક શ્રી નરેન્દ્રભાઈ મોદીને ફરી એક વખત દેશનું સુકાન સંભાળવાની જવાબદારી આપવાનું મન બનાવી ચૂકી છે.

શ્રી રૂપાણીએ જણાવ્યું હતુ કે, લોકોમાં આશા-અપેક્ષાના સપના જાગ્યા છે અને જનજનમાંથી એકજ અવાજ આવી રહ્યો છે 'મોદી હૈ તો મુમકીન હૈ'. અગાઉની યુપીએની સરકાર રીમોટથી ચાલતી હતી. દેશ દિશાવિહીન હતો. યુપીએની સરકારમાં દેશ ચારેબાજુથી લુંટાઇ રહ્યો હતો. ત્યારે છેલ્લા પાંચ વર્ષમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સુશાસનમાં દેશમાં ભ્રષ્ટાચારમુક્ત વ્યવસ્થાથી લોકોમાં ઉત્સાહ અને આનંદ પ્રવર્તી રહ્યો છે. ભારત જેવો વિશાળ દેશ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં જ સલામત છે.

શ્રી રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીના ગુરુ સામ પિત્રોડાએ પાકિસ્તાનને ક્લીનચીટ આપી છે અને વિરોધ પક્ષો બાલાકોટમાં જે એરસ્ટ્રાઇક થઇ તેના માટે પુરાવાઓ માંગી દેશની સેનાનું સતત અપમાન કરી પાકિસ્તાની મીડિયામાં હિરો બનવા કોશીશ કરી રહ્યા છે.

શ્રી રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, રામમંદિર ભાજપા સરકાર જ બનાવશે ભલેને કોંગ્રેસના કપિલ સિબ્બલ કોર્ટની કાર્યવાહીમાં વિલંબ કરાવે

કિસાનોને સહી દામ અને યુવાનોને કામ આપવાની દિશામાં ભાજપા આગળ વધી રહી છે, ત્યારે કોંગ્રેસ તેઓને ગેરમાર્ગે દોરી વોટબેંકની રાજનીતિ ખેલી રહી છે. સ્વ. ઈન્દિરા ગાંધીએ ગરીબી હટાવો ઝુંબેશ શરૂ કરી હતી, ગરીબી ન મટી પરંતુ ગરીબો મટી ગયા હતા. આઝાદી બાદ ૫૫ વર્ષ સુધી પરિવારવાદની રાજનીતિ કરીને રાજાશાહી જીવનશૈલી જીવનાર કોંગ્રેસને આજે મત માટે ગરીબો યાદ આવ્યા છે. જ્યારે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'આયુષ્યમાન યોજના' અંતર્ગત ગરીબો માટે ૫ લાખ સુધીની મફત ચિકિત્સા સારવાર ઉપલબ્ધ કરાવી ગરીબોની ચિંતા કરી છે.

કોંગ્રેસના રાજમાં એક રૂપિયામાંથી ૮૫ પૈસા ખવાઇ જતા હતા અને માત્ર ૧૫ પૈસા જ ગરીબો સુધી પહોંચતા હતા. જ્યારે ભાજપાની સરકારમાં ગરીબોને સીધે સીધો રૂપિયો તેમના સુધી પહોંચે છે. રાહુલ ગાંધીએ ૭૨,૦૦૦ રૂપિયા દેશના તમામ ગરીબોને આપવાનો પોકળ વાયદો કર્યો છે. જ્યારે દેશના ગરીબો અને ખેડુતો માટેની જનકલ્યાણકારી યોજનાઓના સીધા લાભ આપવા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના તમામ ગરીબોના બેંકખાતા ખોલાવી આપ્યા છે અને તેમાં સીધા નાણા જમા થતા હોવાથી ભ્રષ્ટાચારનો કોઇ અવકાશ ઉદ્ભવતો નથી.

કોંગ્રેસના રાજમાં ગુજરાતને ખૂબજ અન્યાય થયો હતો, કચ્છ સતત દુષ્કાળગ્રસ્ત સ્થિતિમાં રહેતું હતું. જ્યારે રાજ્યમાં ભાજપાનું શાસન આવ્યા બાદ નર્મદા યોજનાનું પાણી છેક કચ્છ સુધી પહોંચાડવામાં આવ્યુ છે જેથી કચ્છ હરીયાળું બન્યુ છે.

શ્રી રૂપાણીએ અંતમાં જણાવ્યું હતું કે, આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ બન્ને ગુજરાતના સપૂત છે, તેમના હાથ મજબૂત બનાવવા માટે કચ્છના લોકસભાના ઉમેદવાર શ્રી વિનોદભાઇ ચાવડાને જંગી બહુમતીથી જીતાડવા માટે આપ સૌને નમ્ર અપીલ કરું છું.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૨ તા. ૦૧.૦૪.૨૦૧૯

-----------

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના સમર્થ નેતૃત્વમાં "સાફ નિયત, સહી વિકાસ"ના મંત્ર સાથે ભાજપા તરફી જનજુવાળ સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. - શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**દેશની જનતા જ્ઞાતિવાદ, જાતિવાદ, પરિવાદવાદ કે પ્રાંતવાદના રાજકારણમાંથી બહાર આવી વિકાસયાત્રાના રાજકારણને સમર્થન આપી સ્પષ્ટ બહુમતીવાળી સ્થિર સરકારને ચૂંટવા તત્પર બની છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**માઁ ભારતીને પરમ વૈભવના શિખરે લઇ જવાના સંકલ્પ સાથે "ભારત કહે અને દુનિયા કરે" તેવા ગૌરવવંતા દેશના નિર્માણ કરવા ફરીથી શ્રી નરેન્દ્રભાઇ મોદીને દેશના પ્રધાનમંત્રી બનાવીએ - શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઇ વાઘાણી આવતીકાલે પોરબંદર ખાતે ભાજપાના ઉમેદવાર શ્રી રમેશભાઇ ધડુકના નામાંકન પ્રસંગે તેમજ તારીખ ૪ એપ્રિલે પાલનપુર ખાતે ભાજપાના ઉમેદવાર શ્રી પરબતભાઇ પટેલના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે**

-----------

આજરોજ ભાજપા પ્રદેશ અધ્યક્ષ અને ભાવનગર પશ્ચિમના યુવા ધારાસભ્યશ્રી જીતુભાઇ વાઘાણીની ઉપસ્થિતિમાં ભાવનગર લોકસભાના ઉમેદવાર ડૉ. શ્રીમતિ ભારતીબેન શિયાળના ચુંટણી મધ્યસ્થ કાર્યાલયનું ઉદઘાટન સમારોહ યોજાયો હતો, જેમાં કેન્દ્રીયમંત્રી શ્રી મનસુખભાઇ માંડવીયા, મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ, શ્રીમતી વિભાવરીબેન દવે અને વિશાળ સંખ્યામાં ભાજપાના સમર્થકો તથા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ ભાવનગર ખાતે ભાજપાના ઉમેદવાર ડૉ. ભારતીબેન શીયાળના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહી વિશાળ જનસભાને સંબોધન કર્યુ હતુ. ત્યારબાદ કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઇ માંડવીયા, કેબીનેટ મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ, મંત્રીશ્રી વિભાવરીબેન દવે તથા આગેવાનો અને હજારો કાર્યકર્તાઓ સાથે રોડ-શો સ્વરૂપે નામાંકન પત્ર દાખલ કરવા પહોચ્યા હતા.

વિશાળ જનસભાને સંબોધન કરતાં શ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યુ હતુ કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના સમર્થ નેતૃત્વમાં "સાફ નિયત, સહી વિકાસ"ના મંત્ર સાથે ભાજપા તરફી જનજુવાળ સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. દેશની જનતા જ્ઞાતિવાદ, જાતિવાદ, પરિવાદવાદ કે પ્રાંતવાદના રાજકારણમાંથી બહાર આવી વિકાસયાત્રાના રાજકારણને સમર્થન આપી સ્પષ્ટ બહુમતીવાળી સ્થિર સરકારને ચૂંટવા તત્પર બની છે.

ભાવનગર લોકસભાના ઉમેદવાર ડૉ. ભારતીબેન શીયાળને જંગી બહુમતીથી વિજયી બનાવવા તેમજ માઁ ભારતીને પરમ વૈભવના શિખરે લઇ જવાના સંકલ્પ સાથે "ભારત કહે અને દુનિયા કરે" - તેવા ગૌરવવંતા દેશના નિર્માણ કરવાનું નેતૃત્વ ફરીથી શ્રી નરેન્દ્રભાઇ મોદીના હાથમાં સોંપવા જનસભામાં ઉપસ્થિત સૌ કાર્યકર્તાઓ અને સમર્થકોને શ્રી વાઘાણીએ હાકલ કરી હતી.

શ્રી જીતુભાઇ વાઘાણી આવતીકાલે પોરબંદર ખાતે ભાજપાના ઉમેદવાર શ્રી રમેશભાઇ ધડુકના નામાંકન પ્રસંગે તેમજ તારીખ ૪ એપ્રિલે પાલનપુર ખાતે ભાજપાના ઉમેદવાર શ્રી પરબતભાઇ પટેલના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે.

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા. ૦૧.૦૪.૨૦૧૯

-----------

## મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી

**આવતીકાલે રાજકોટ ખાતે ભાજપાના ઉમેદવાર શ્રી મોહનભાઇ કુંડારીયાના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે**

-----------

## ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી

**આવતીકાલે પોરબંદર ખાતે ભાજપાના ઉમેદવાર શ્રી રમેશભાઇ ધડુકના નામાંકન પ્રસંગે તેમજ જામનગર ખાતે ભાજપાના ઉમેદવાર શ્રીમતી પુનમબેન માડમના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે.**

**તારીખ ૪ એપ્રિલે પાલનપુર ખાતે ભાજપાના ઉમેદવાર શ્રી પરબતભાઇ પટેલના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે**

-----------

## કેન્દ્રીય મંત્રીશ્રી પરશોત્તમભાઇ રૂપાલા

**આવતીકાલે અમરેલી ખાતે ભાજપાના ઉમેદવાર શ્રી નારણભાઇ કાછડીયાના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે.**

-----------

## કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઇ માંડવીયા

**આવતીકાલે જામનગર ખાતે ભાજપાના ઉમેદવાર શ્રીમતી પુનમબેન માડમના નામાંકન પ્રસંગે તેમજ તારીખ ૩ એપ્રિલે જુનાગઢ બેઠક પર ભાજપાના ઉમેદવાર શ્રી રાજેશભાઇ ચૂડાસમાના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે.**

-----------

ભાજપા મીડિયા સેલની અખબારી યાદી જણાવે છે કે, આગામી લોકસભા ચૂંટણી અંતર્ગત ભાજપાના લોકસભાના ઉમેદવારોના નામાંકન ભરવાની પ્રક્રિયા હાલ ચાલી રહી છે જે અંતર્ગત,

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી આવતીકાલે રાજકોટ ખાતે ભાજપાના ઉમેદવાર શ્રી મોહનભાઇ કુંડારીયાના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે.

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી આવતીકાલે પોરબંદર ખાતે ભાજપાના ઉમેદવાર શ્રી રમેશભાઇ ધડુકના નામાંકન પ્રસંગે તેમજ તારીખ ૪ એપ્રિલ, ગુરુવારે પાલનપુર ખાતે ભાજપાના ઉમેદવાર શ્રી પરબતભાઇ પટેલના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે.

કેન્દ્રીય મંત્રીશ્રી પરશોત્તમભાઇ રૂપાલા આવતીકાલે અમરેલી ખાતે ભાજપાના ઉમેદવાર શ્રી નારણભાઇ કાછડીયાના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે.

કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઇ માંડવીયા આવતીકાલે જામનગર ખાતે ભાજપાના ઉમેદવાર શ્રીમતી પુનમબેન માડમના નામાંકન પ્રસંગે તેમજ તારીખ ૩ એપ્રિલે જુનાગઢ બેઠક પર ભાજપાના ઉમેદવાર શ્રી રાજેશભાઇ ચૂડાસમાના નામાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે.

કેન્દ્રીય મંત્રીશ્રી જશવંતસિંહ ભાભોર તારીખ ૩ એપ્રિલે છોટાઉદેપુર ખાતે ભાજપાના ઉમેદવાર શ્રી શ્રીમતી ગીતાબેન રાઠવાના નમાંકન પ્રસંગે ઉપસ્થિત રહેશે.

લોકસભા બેઠકના ભાજપાના ઉમેદવારશ્રીઓ નામાંકન દાખલ કરવાના છે તેની તારીખ, સમય અને પ્રદેશમાંથી ઉપસ્થિત રહેનાર અગ્રણીશ્રીઓના નામની વિગત પાછળ છે,

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




| ક્રમ | લોકસભા બેઠક | ફોર્મ ભરવાની તારીખ અને સમય | સ્થળ | ઉમેદવારશ્રીનું નામ | પ્રદેશમાંથી ઉપસ્થિત રહેનાર અગ્રણીનું નામ |
|---|---|---|---|---|---|
| ૧. | પોરબંદર | ૨.૪.૨૦૧૯<br>સવારે ૧૦.૦૦ ક. | સુદામા ચોક, પોરબંદર | શ્રી રમેશભાઇ ધડુક | શ્રી જીતુભાઇ વાઘાણી<br>(ભાજપા પ્રદેશ પ્રમુખ) |
| ૨. | આણંદ | ૨.૪.૨૦૧૯<br>સવારે ૧૦.૦૦ ક. | બેઠક મંદિર, આણંદ | શ્રી મિતેષભાઇ પટેલ | શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા (મંત્રીશ્રી) |
| ૩. | રાજકોટ | ૨.૪.૨૦૧૯<br>સવારે ૧૧.૦૦ ક. | બહુમાળી ભવન,<br>સરદાર પટેલ સ્ટેચ્યુ,<br>રાજકોટ | શ્રી મોહનભાઇ કુંડારીયા | શ્રી વિજયભાઇ રૂપાણી<br>(મુખ્યમંત્રીશ્રી) |
| ૪. | જામનગર | ૨.૪.૨૦૧૯<br>સવારે ૧૧.૦૦ ક. | ઓસવાલ સેન્ટર,<br>જામનગર | શ્રીમતી પુનમબેન માડમ | શ્રી જીતુભાઇ વાઘાણી<br>(ભાજપા પ્રદેશ પ્રમુખ)<br>શ્રી આર.સી.ફળદુ (મંત્રીશ્રી)<br>શ્રી મનસુખભાઇ માંડવીયા (કેન્દ્રીય મંત્રીશ્રી) |
| ૫. | વલસાડ<br>(અ.જ.જા) | ૨.૪.૨૦૧૯<br>બપોરે ૧૨.૩૯ ક. | કલેક્ટર કચેરી,<br>વલસાડ | ડૉ. કે.સી.પટેલ | શ્રી મંગુભાઇ પટેલ (પૂર્વ મંત્રી) |
| ૬. | ભરૂચ | ૨.૪.૨૦૧૯<br>બપોરે ૧૨.૩૯ ક. | કલેક્ટર કચેરી,<br>ભરૂચ | શ્રી મનસુખભાઇ વસાવા | શ્રી ભરતસિંહ પરમાર<br>(પ્રદેશ મહામંત્રીશ્રી) |
| ૭. | બારડોલી<br>(અ.જ.જા) | ૨.૪.૨૦૧૯<br>બપોરે ૧૨.૩૯ ક. | કલેક્ટર કચેરી,<br>વ્યારા | શ્રી પ્રભુભાઇ વસાવા | શ્રી ગણપતભાઇ વસાવા (મંત્રીશ્રી) |
| ૮. | અમરેલી | ૨.૪.૨૦૧૯<br>બપોરે ૧૨.૦૦ ક. | મધ્યસ્થ ચૂંટણી કાર્યાલય,<br>ભીડભંજન હનુમાન મંદિર<br>સામે, સુખનાથપૂરા રોડ,<br>અમરેલી | શ્રી નારણભાઇ કાછડીયા | શ્રી પરશોત્તમભાઇ રૂપાલા<br>(કેન્દ્રીય મંત્રીશ્રી) |
| ૯. | છોટાઉદેપુર<br>(અ.જ.જા) | ૩.૪.૨૦૧૯<br>સવારે ૧૦.૦૦ ક. | જીલ્લા કાર્યાલય,<br>છોટાઉદેપુર | શ્રીમતી ગીતાબેન રાઠવા | શ્રી જશવંતસિંહ ભાભોર<br>(કેન્દ્રીય મંત્રીશ્રી)<br>શ્રી શબ્દશરણભાઇ બ્રહ્મભટ્ટ (પ્રદેશ મહામંત્રીશ્રી) |
| ૧૦. | પાટણ | ૩.૪.૨૦૧૯<br>સવારે ૧૦.૦૦ ક. | માં હોસ્પીટલની<br>પાછળ, પાટણ | શ્રી ભરતસિંહ ડાભી | શ્રી હરીભાઇ ચૌધરી (કેન્દ્રીય મંત્રીશ્રી)<br>શ્રી શંકરભાઇ ચૌધરી (પૂર્વ મંત્રીશ્રી)<br>શ્રી કે.સી.પટેલ (પ્રદેશ મહામંત્રીશ્રી) |
| ૧૧. | જૂનાગઢ | ૩.૪.૨૦૧૯<br>સવારે ૧૦.૦૦ ક. | સરદાર ચોક, જૂનાગઢ | શ્રી રાજેશભાઇ ચુડાસમા | શ્રી મનસુખભાઇ માંડવીયા<br>(કેન્દ્રીય મંત્રીશ્રી) |
| ૧૨. | બનાસકાંઠા | ૪.૪.૨૦૧૯<br>સવારે ૧૧.૦૦ ક. | જોડનાપુર-દેવપુરા પાટીયા,<br>ઝાયકા હોટલની સામે,<br>ડીસા રોડ, પાલનપુર | શ્રી પરબતભાઇ પટેલ | શ્રી જીતુભાઇ વાઘાણી<br>(ભાજપા પ્રદેશ પ્રમુખ) |

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ